Media Coverage

Tata Power organizes Camel vaccination camp in Mundra

Phulchhab

# ટાટાપાવર દ્વારા મુંદ્રામાં ઊંટ માટે વાર્ષિક રસીકરણ કેમ્પ



ટાટાપાવર દ્વારા ઊંટ માટે રસીકરણ કેમ્પ.

મુંદ્રાઃ ટાટા પાવરની માલિકીની પેટાકંપની સીજીપીએલ દ્વારા તાજેતરમાં મુંદ્રામાં સામૂદાયિક વિકાસના ભાગરૂપે ઊંટ માટે મેગા એન્યુઅલ વેકસીન કેમ્પનું આયોજન કરાયું હતું. ટુંડા, વંધ, મોટા કંડાગ્રા, નાના ભડિયા જેવા સીજીપીએલની આસપાસના ગામડાના લોકો સંપૂર્ણ પશુધન પર નિર્ભર છે. આથી જ ટાટા પાવર દ્વારા કાંઠી એરિયા લાઇવલીહુડ પ્રોગ્રામ અંતર્ગત આ અનોખી પહેલ કરી છે.

ગુજરાત સરકારના જિલ્લા પશુપાલન વિભાગના સહયોગથી વાર્ષિક કેમલ કેમ્પનું આયોજન કરવામાં આવે છે.

એક અભ્યાસ મુજબ, ઊંટપાલકો તેમના ઊંટની પૂરતી સારસંભાળ લેતા નથી. જેને કારણે આરોગ્યને લગતી સમસ્યા ઉભી થાય છે. આ બાબતને ધ્યાનમાં લઇ સીજીપીએલ દ્વારા ૨૦૦૭થી જાહેર ખાનગી ભાગીદારી મોડેલ અંતર્ગત ઊંટને રસી મૂકવાના કેમ્પનું આયોજન કરાય છે. કુલ ૬૬૫ ઊંટને રસી મૂકવામાં આવી હતી. સીજીપીએલના સીઇઓ અને ઇડી કે.કે.શર્મા ખાસ હાજર રહ્યા હતા.

Kutch Mitra



મુંદરામાં ટાટા પાવર દ્વારા યોજાયેલા કેમ્પમાં ઊંટને રસી અપાઇ ત્યારની તસવીર.

# મુંદરામાં યોજાયેલા કેમ્પમાં ૬૬૫ ઊંટને અપાયેલી રસી

મુંદરા, તા. ૯ : મુંદરા તાલુકામાં કાર્યરત ટાટા પાવરની આસપાસનાં ટુંડા, મોટા કાંડાગરા અને નાના ભાડિયા વગેરે ગામો પશુધન પર આધારિત હોવાથી કંપની દ્વારા તાજેતરમાં ઊંટ માટે મુંદરા ખાતે રસીકરણ કેમ્પ યોજાયો હતો.

પશુપાલન વિભાગના અધિકારીઓ, તબીબો, પશુપાલન વિભાગના ઇન્ચાર્જ, મદદનીશ સીજીપીએલના કર્મચારીઓ વગેરેએ ભાગ લીધો હતો. આ પહેલ હેઠળ ૬૬૫ ઊંટને મૂકવામાં આવ્યા હતા. જેમાં વિલુપ્ત થવાના આરે આવેલા ૩૩ ખરાઇ ઊંટનો પણ સમાવેશ થાય છે. સીજીપીએલ કેલોરેક્સ સ્કૂલના ૩૦ વિદ્યાર્થીઓએ પણ આ પહેલમાં ભાગ લીધો હતો

## ટાટા પાવર દ્વારા કરાયેલું આયોજન : ૩૩ ખારાઇ ઊંટ પણ સામેલ

અને તેમણે જિલ્લા પશુપાલન વિભાગના ડે. ડિરેક્ટર સાથે સંવાદ કર્યો હતો. સીજીપીએલના સીઇઓ અને ઇડી કે.કે. શર્માએ જણાવ્યું કે, ગામડાઓમાં પશુઓના આરોગ્યને નુકસાન પહોંચાડતા રોગોને દૂર કરવા એ અમારી પ્રાથમિકતા છે.

આ ગામોમાં વસતા મોટાભાગના લોકો ગાય, ભેંસ અને ઊંટ જેવા પશુઓ પર નિર્ભરતા ધરાવે છે. કંપની દ્વારા પશુઓના આરોગ્ય, ઉપજ અને ખોરાક અંગે હાથ ધરાયેલી પહેલને કારણે તેમની સ્થિતિમાં સુધારો આવ્યો છે. કંપની દ્વારા વિશેષતઃ ગાય અને ઊંટના આરોગ્ય સંભાળ પર વિશેષ ધ્યાન કેન્દ્રિત કરવામાં આવે છે અને તેમને નિયમિત રસી અપાય છે તેવું એક યાદીમાં જણાવાયું હતું.